eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 163
October 03, 2008

## લીંબાયત ઝોન ખાતે ડીંડોલીમાં ૬૬ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન ખાતે ડીંડોલીમાં ૬૬ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ આજ રોજ તા.૩૦–૦૯–૨૦૦૮ મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા મા. અધ્યક્ષશ્રી જીગીશભાઈ દવે,ગટરસમિતિના વરદહસ્તે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વડાચૌટામાં આવેલ વોર્ડ નં. ૧૧ નોંધ નં. ૮૬૯ વાળી મિલકતમાં મોહંમદ સીદીકી હાજી અલી મેમણ તથા વિ. ધ્વારા પરવાનગી વિનાનું બાંધકામ કરતા અત્રેથી મનાઈ તેમજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## બીલ્ટ હેરીટજ

રાજય સરકારશ્રી ધ્વારા "બીલ્ટ હેરીટજ" પોલિસી અંગેનો ખરડો તૈયાર કરવામાં આવેલ છે. જે પરત્વે જાહેર જનતાના વાંધા–સૂચનો સાંભળી /ધ્યાને લઈ તે આધારે ચોકકસ /સુસંલગ્ન ભલામણો રજૂ કરવા અર્થે શ્રી પી. કે. ધોષ આઈ.એ.એસ. નાં અધ્યક્ષપણા હેઠળ ત્રણ સભ્યોની સમિતિ રચવામાં આવેલ જેમાં શ્રી ડી.એચ.બ્રહમભટ્ટ આઈ.એ.એસ. મ્યુ.કમિશ્નર, રાજકોટ તથા શ્રી અજય ચૌધરી, આઈ.પી.એસ. નાયબ પોલીસ કમિશ્નર, અમદાવાદ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૬મી નાટય સ્પર્ધાનો પ્રારંભ

સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૬મી નાટય સ્પર્ધા તા. ૨૪.૯.૨૦૦૮ થી તા. ૦૪.૧૦.૨૦૦૮ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ નાટયશ્રેણીમાં તા.૨૬/૦૯/૨૦૦૮ ના રોજ આશિયાના પરિવાર નાટય સંસ્થાનું શ્રી કશ્યપ જોષી દિગ્દર્શિત "અરે એક વાર હસી તો જુઓ" નાટક રજુ થયું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા તરફથી ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ

પૂ. મહાત્મા ગાંધીજીની ૧૩૯ મી જન્મ જયંતિ પ્રસંગે તા. ૨–૧૦–૨૦૦૮ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ દ્વારા ગાંધીવંદના તથા ત્યારબાદ સર્વધર્મ પ્રાર્થનાનો કાર્યક્રમ ચં.ચી. મહેતા નાટયગૃહ(રંગઉપવન) ખાતે રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

# લીંબાયત ઝોન ખાતે ડીંડોલીમાં ૬૬ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન ખાતે ડીંડોલીમાં ૬૬ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ આજ રોજ તા.૩૦–૦૯–૨૦૦૮ મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા મા. અધ્યક્ષશ્રી જીગીશભાઈ દવે,ગટરસમિતિના વરદહસ્તે સંપન્ન થઈ.

સુરત શહેરના નવા વિસ્તારોમાં સામાન્ય પ્રજા જનને પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે સુરત મહાનગરપાલિકા કટિબધ્ધ છે.પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરવાના ભાગ રૂપે ડીંડોલી ખાતે ૮.૬૦ લાખ ની વસ્તીને તથા ૩,૨૧૧ હેકટર વિસ્તારને આવરી લેતા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૬૬ એમ.એલ.ડી. ની ક્ષમતા ધરાવે છે. આ સુએઝ પ્લાન્ટમાં વિવિધ યુનિટો જેવા કે ઈન્લેટ/સ્ક્રીન/ગ્રીટ ચેમ્બર અને પાર્શલ કલ્યુમ,પ્રાયમરી સેટલીંગ ટેન્ક, એરેશન ટેન્ક–ડીફયુઝડ એરેશન સીસ્ટમ, સેકન્ડરી સેટલીંગ ટેન્ક, કલોરીનેશન સીસ્ટમ, સ્લજ પંપ હાઉસીસ, સ્લજ થીકનર, સ્લજ ડાયજેસ્ટર, સેન્ટ્રીફયુજ શેડ/ હાઉસ, ગેસ ફલેરીંગ સીસ્ટમ, ગેસ હોલ્ડર, સુએઝ ગેસ એન્જીન પાવર પ્લાન્ટ, એર બ્લોઅર રૂમ, એચ.ટી./એલ.ટી. રૂમ રાખવામાં આવેલ છે.આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂા. ૪૫૧૩.૯૨ લાખ ના ખર્ચે લગભગ ૧૫ માસના ટુકા સમયમાં સાકાર થશે. જેનાથી પુણા, સીમાડા, મગોબ, ડીંડોલી, પરવત, ગોડાદરા ના વિસ્તારને ડ્રેનેજ અંગેની સુવિધા પ્રાપ્ત થશે.

આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસક પક્ષ ડો.જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, કમિશનરશ્રી, અધિકારી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વડાચૌટામાં આવેલ વોર્ડ નં. ૧૧ નોંધ નં. ૮૬૯ વાળી મિલકતમાં મોહંમદ સીદીકી હાજી અલી મેમણ તથા વિ. ધ્વારા પરવાનગી વિનાનું બાંધકામ કરતા અત્રેથી મનાઈ તેમજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જે અનવયે માલિકો ધ્વારા સ્પે. સી.એ.નં. ૮૨૦૯/૨૦૦૮ થી ના. હાઈકોર્ટમાં દાવો દાખલ કરવામાં આવેલ. ના. હાઈકોર્ટ ના તા. ૨૫/૯/૨૦૦૮નાં હુકમ અન્વયે એનટ્રી નોટીસ બજાવી આશરે ૯.૮૦ મી. × ૮.૬૫ મી. ના માપમાં ભોંયતળિયાનું ચેનલ, ગર્ડર,બીજા કોલમ, રોલીંગ શટર, ચણતરની દિવાલો તથા પતરાની છત સહિતનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.





TOP

## બીલ્ટ હેરીટજ

રાજય સરકારશ્રી ધ્વારા '' બીલ્ટ હેરીટજ '' પોલિસી અંગેનો ખરડો તૈયાર કરવામાં આવેલ છે. જે પરત્વે જાહેર જનતાના વાંધા–સૂચનો સાંભળી /ધ્યાને લઈ તે આધારે ચોકકસ /સુસંલગ્ન ભલામણો રજૂ કરવા અર્થે શ્રી પી. કે. ઘોષ આઈ.એ.એસ. નાં અધ્યક્ષપણા હેઠળ ત્રણ સભ્યોની સમિતિ રચવામાં આવેલ જેમાં શ્રી ડી.એચ.બ્રહમભટ્ટ આઈ.એ.એસ. મ્યુ.કમિશ્નર, રાજકોટ તથા શ્રી અજય ચૌધરી, આઈ.પી.એસ. નાયબ પોલીસ કમિશ્નર, અમદાવાદ છે. આ સમિતિ ગુજરાત રાજયના કેટલાક શહેરોમાં જાહેર જનતા પાસે ડ્રાફટ પોલિસી અંગે ચર્ચા કરી તેઓના સુચનો મેળવવા સંપર્ક કરે છે. જે સંદર્ભે તા. ૩૦–૦૯–૨૦૦૮ નાં રોજ સુરત શહેરની મુલાકાતે આવેલ છે. તેમજ મહાનગરપાલિકાની અઠવા ઝોન કચેરી, કોન્ફરન્સ રૂમ ખાતે બપોરે ૧.૦૦ થી ૩.૦૦ કલાક દરમયાન સૂચિત હેરીટેજ પોસિલસના ખરડા ઉપર ચર્ચા કરવામાં આવેલ.

સદરહું સમિતિ કોઈ પણ '' હેરિટેજ '' મીલ્કત અંગે નિર્ણય કરનારી રાજય હેરીટેજ કમિટિ નથી પરંતુ સૂચિત હેરીટેજ પોલિસી અંગે જાહેર જનતા સાથે ચર્ચા કર્યા બાદ તે પરત્વે સંયોગીક વાંધા– સૂચનો તથા તે પરની ભલામણો રજુ કરનારી સલાહકાર સમિતિ છે જેની ખાસ નોંધ લેવામાં આવેલ.

**TOP**

## સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા:૨૭/૦૯/૨૦૦૮ ના રોજ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા,તાડવાડી–છાપરાભાઠા રોડ,સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ,આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ, રૂગ્ણાલયો,વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા,સ્થાનિક મ્યુ.સદસ્યશ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ,શ્રી મનહરભાઈ પટેલ,જીલ્લા પંચાયતના સદસ્ય શ્રી ભગુભાઈ,ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ,આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ,વેસ્ટઝોનના ઝોનલ ચીફશ્રી એમ.ડી.દારૂવાલા,આસી.આરોગ્ય અધિકારી ડો.એ.પી.ભટ્ટ,સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ તથા પ્રાસંગીક પ્રવચનમાં વિના મૂલ્યે નિદાન / સારવાર / પ્રદર્શન કેમ્પનો નાગરીકો બહોળા પ્રમાણમાં લાભ લે તથા આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી પાણી જન્ય / પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ કરેતો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાશે તેમ જણાવ્યુ હતુ.

આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહે પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર મુજબ દરેક વ્યકિતએ પોતાનાં સ્વાસ્થ્ય માટે કાળજી રાખવી જોઈએ.શહેરી વિસ્તારમાં સફાઈનું ધોરણ સુધરવાથી તથા નાગરીકો સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થતા છેલ્લા વર્ષોમાં જે રોગચાળાનું પ્રમાણ વધુ જોવા મળેલ તે હાલની પરિસ્થિતિમાં ઘણુંજ ઓછુ જોવા મળેલ છે. જે ઘણી ગૌરવની વાત છે. નાગરીકોને આવા કેમ્પોનો લાભ લઈ પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા જણાવ્યુ હતુ.

રૂગ્ણાલયો,વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે જેથી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની કામગીરીને બીરદાવી હતી.સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ હતુ.

**Continue**

સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો.મહાનગરપાલિકા આરોગ્ય લક્ષી બાબતો અંગે પણ ખુબજ જાગૃત છે. નાગરીકોને પોતાના ઘર આંગણે આરોગ્ય લક્ષી સુવિધાઓ વિના મૂલ્યે મળી રહે તે માટે આવા કેમ્પોનુ આયોજન કરવામાં આવેલ છે જેનો શહેરના નાગરીકોને લાભ લેવા જણાવી નિરોગી રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો તાડવાડી તથા છાપરાભાઠા વિસ્તારના ૪૧૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૪૯, ચામડીના નિષ્ણાત દ્વારા ૬૧,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૧,બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૩,ફિઝીશયન દ્વારા ૨૬૮,અને સર્જન દ્વારા ૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૧૨૧ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા. ૪૮ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.પર દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન,એઈડઝ, ટી.બી.,મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૬૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૦૦૦,ઓરલ પીલ્સ ૨૧પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૧૦૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૩૬ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા કલોરીન ટેબલેટનું વિતરણ ૨૦૦૦ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા પ્રેમનગર ભેદવાડ,લીંબાયત જુની વોર્ડ ઓફીસ પાસે,સૈયદપુરા માછીવાડ આસપાસના વિસ્તારમાં કરવામાં આવેલ કેમ્પોમાં ૫૬૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૬મી નાટય સ્પર્ધાનો પ્રારંભ



સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૬મી નાટય સ્પર્ધા તા. ૨૪.૯.૨૦૦૮ થી તા. ૦૪.૧૦.૨૦૦૮ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ નાટયશ્રેણીમાં તા.૨૬/૦૯/૨૦૦૮ ના રોજ આશિયાના પરિવાર નાટય સંસ્થાનું શ્રી કશ્યપ જોષી દિગ્દર્શિત "અરે એક વાર હસી તો જુઓ" નાટક રજુ થયું હતું. જેમાં શાસકપક્ષના નેતાશ્રી જગદીશભાઈ પટેલ, માજી મેયર ડો. કનુભાઈ માવાણી, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી જયોતિબેન કોઠીયા, તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, મહાનુભાવો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં. હવે પછી નીચે મુજબની નાટયકૃતિઓ રજુ થશે.

- તા. ૨૭/૦૯/૦૮ ના રોજ સંભવ ગૃપ સંસ્થાનું જીતેન્દ્ર સુમરા દિગ્દર્શિત "પણ જો જો મોડા ન પડતા" નાટક રજુ થશે.
- તા. ૨૯/૦૯/૦૮ ના રોજ રાષ્ટ્રિય કળા કેન્દ્ર સંસ્થાનું મેહુલ શર્મા દિગદર્શિત "મિલીના ઘર તરફ" નાટક રજુ થશે.
- તા. ૩૦/૯/૦૮ ના રોજ સુરત કલ્ચરલ એકેડેમી સંસ્થાનું પ્રકાશ મહેતા દિગ્દર્શિત "હઈયા ..હો..હઈયા" નાટક રજુ થશે.
- તા. ૧/૧૦/૦૮ ના રોજ શૈલ થિયેટર સંસ્થાનું શૈલેન્દ્ર વડનેરે દિગ્દર્શિત "એક સૂરજ આઝાદીનો" નાટક રજુ થશે.
- તા. ૨/૧૦/૦૮ ના રોજ પંકજ પાઠકજી પ્રેઝન્ટસ સંસ્થાનું પંકજ પાઠકજી દિગ્દર્શિત " વિષ ચક્ર" નાટક રજુ થશે.



- તા. ૩/૧૦/૦૮ ના રોજ રંગમ સંસ્થાનું વિજય જોષી દિગ્દર્શિત " દાદા નામે રંગાદાદા " નાટક રજુ થશે.
- તા. ૪/૧૦/૦૮ ના રોજ સમાંતર થિયેટર સંસ્થાનું કેતન રાઠોડ દિગ્દર્શિત " વશરામ ભુવાની  વાડી" નાટક રજુ થશે.

TOP

## સુરત મહાનગરપાલિકા તરફથી ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ

પૂ. મહાત્મા ગાંધીજીની ૧૩૯ મી જન્મ જયંતિ પ્રસંગે તા. ૨–૧૦–૨૦૦૮ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ દ્વારા ગાંધીવંદના તથા ત્યારબાદ સર્વધર્મ પ્રાર્થનાનો કાર્યક્રમ ચં.ચી. મહેતા નાટયગૃહ(રંગઉપવન) ખાતે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતાશ્રી ડૉ. જગદીશભાઈ પટેલ, મા. કમિશનર કુ. એસ.અપર્ણા, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ, માજી મેયરશ્રી તથા શહેરીજનોએ પૂ.બાપૂની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. આ પ્રસંગે ચં.ચી. મહેતા નાટયગૃહ(રંગઉપવન) ખાતે રાખવામાં આવેલ સર્વધર્મ પ્રાર્થનાના કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંગીત વર્તુળની પ્રાર્થનાથી થઈ હતી. આ પ્રસંગે હાજર રહેલા હિંદુ ધર્મગુરૂ શ્રી નિલકંઠભાઈ શુકલ, પારસી ધર્મગુરૂ દસ્તુરજી નોશીરવાન મંચેરશા, તથા શીખ ધર્મગુરૂ શ્રી મનજીત સીંગએ પોતાના ધર્મોની પ્રાર્થના રજૂ કરી ગાંધીજીના "સર્વધર્મ સમાન" ની ભાવનાને ચરિતાર્થ કરી હતી. પૂ. ગાંધીજીના કાર્યો તથા તેઓશ્રીએ દેશના ભાવિ માટે આપેલા યોગદાન અને બલિદાનને યાદ કરી પૂ. બાપૂએ ચિંધેલા રાહપર સૌને ચાલવાની શીખ આપી હતી.

આ પ્રસંગે જીવન ભારતી સ્કુલના વિદ્યાર્થીઓ ધ્વારા રેંટિયા કાંતણ ધ્વારા પૂ.ગાંધીજીના પ્રિય રેંટિયાને તથા ખાદી પહેરવાની તેમની સ્વદેશી ભાવનાને યાદ કરવામાં આવી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકોએ પૂ.ગાંધી બાપૂ વિશે વકતવ્ય રજુ કર્યા હતા. ન.પ્રા.શિ.સમિતિ સંગીત વર્તુળ તરફથી ગાંધીજીના પ્રિય ભજનો "વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે" તથા રઘુપતિ રાઘવ રાજારામ" જેવા ભજનો ગાઈને પૂ.બાપૂને યાદ કરાયા હતા. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. અંતમાં રાષ્ટ્રસ્તુતિ "વંદે માતરમ્" ગાઈને સમારંભનુ સમાપન કરવામાં આવ્યું હતું.

TOP